# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-04-2025** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , વિકસિત ભારતના નિર્માણ માટે રાષ્ટ્રવંદનાનો સંકલ્પ લઈએ એ જ બાબાસાહેબ આંબેડકરને સાચી શ્રદ્ધાંજલિ.**
2. **વિદેશ મંત્રી ડૉ. સુબ્રમણ્યમ જયશંકરે દેશને વિકસિત બનાવવા બાળકોની કૌશલ્ય ક્ષમતા વધારવા પર ભાર મુક્યો.**
3. **NFSU દેશભરમાં વધુ નવ પરિસરની સ્થાપના કરશે.**
4. **કચ્છ અને સૌરાષ્ટ્રમાં આજથી ગુરુવાર સુધી મહત્તમ તાપમાન 45 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચે તેવી શક્યતા.**
5. **પોરબંદરમાં પહેલી વાર અખિલ ભારતીય સી કાયાકિંગ સ્પર્ધા યોજાઈ.**

---------------------------------------------------------------------------------

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM GANDHINAGAR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , વિકસિત ભારતના નિર્માણ માટે રાષ્ટ્રવંદનાનો સંકલ્પ લઈએ એ જ બાબાસાહેબ આંબેડકરને સાચી શ્રદ્ધાંજલિ હશે. ગાંધીનગરમાં ગઈકાલે ભારત-રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની 134મી જન્મજયંતી નિમિત્તે યોજાયેલા; તુરી બારોટ સમાજના માતૃ-પિતૃ વંદના , ભીમ ડાયરો અને સન્માન સમારોહમાં શ્રી પટેલે આ મુજબ જણાવ્યું.

## બાઈટઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

શ્રી પટેલે તુરી બારોટ તુરી બારોટ સમાજના યોગદાનની પણ પ્રશંસા કરી હતી. તેમણે સમાજની મૉબાઈલ એપ્લિકેશનનું ઉદ્ઘાટન કરી તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત પણ કર્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું , અંધકારમય યુગમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની શિક્ષણની જ્યોત પ્રગટાવી હતી. આજે કોઈ પણ સમાજે પ્રગતિના પંથે આગળ વધવું હોય તો શિક્ષણ સિવાય કોઈ ઉપાય નથી.

---

# MUKESH PATEL - SURAT

સુરતના ઓલપાડમાં વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશ પટેલના હસ્તે ગઈકાલે વિવિધ વિકાસકામોનું લોકાર્પણ કરાયું. શ્રી પટેલે ઓલપાડના સેનાખાડી ખાતે અંદાજે પાંચ કરોડ 80 લાખના ખર્ચે નવનિર્મિત ચાર માર્ગીય બાયપાસ

માર્ગનું લોકાર્પણ કરતાં કહ્યું , આનાથી ઓલપાડ ગામતળના બજાર વિસ્તારની ટ્રાફિકની સમસ્યાનું નિવારણ થશે તથા ગામતળ વિસ્તારમાં થતા અકસ્માત ઘટશે. આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા સુરતથી કીમ સુધીના માર્ગને છ માર્ગીય કરાશે તેમ શ્રી પટેલે ઉમેર્યું.

તેમણે કહ્યું કે , આગામી દિવસોમાં ઓલપાડમાં એક સો પથારીની નવી સરકારી હોસ્પિટલનું નિર્માણ કરાશે.

શ્રી પટેલે ઓલપાડ ખાતે એસ.ટી. ડેપોના વર્કશોપ તેમજ તાલુકામાં ભુગર્ભ સંપ, પંમ્પીગ મશીનરી , ફ્લડ પ્રોટેક્શન વોલ , તળાવ બ્યુટીફીકેશન , આંતરિક પાણી વિતરણ અને રોડના કામોનું ખાતમૂહુર્ત અને લોકાર્પણ કર્યું.

---

# JAISHANKAR NARMADA

વિદેશ મંત્રી ડૉ. સુબ્રમણ્યમ જયશંકરે વિકસિત ભારતના નિર્માણ માટે બાળકોની કૌશલ્ય ક્ષમતા વધારવા પર ભાર મુક્યો છે. બે દિવસ માટે નર્મદાની મુલાકાતે આવેલા શ્રી જયશંકર ગઈકાલે પ્રથમ દિવસે વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ ગરુડેશ્વર ખાતે અંદાજે 71 એકર વિસ્તારમાં નિર્માણ પામી રહેલા હૉસ્પિટાલિટી પ્રોજેક્ટ અને ખડગદા પાસે નિર્માણાધિન આદિવાસી સંગ્રહાલય પરિયોજના નું નિરિક્ષણ કરી શ્રી જયશંકરે બંને પરિયોજનાની માહિતી મેળવી હતી.

ઉપરાંત શ્રી જયશંકરે એકતાનગર ખાતે મિયાવાકી જંગલની મુલાકાત લીધી. તેમજ પર્યાવરણ બચાવવાનો સંદેશ આપતી દસ્તાવેજી ચિત્ર નિહાળ્યું હતું.

---

# AMIT SHAH NFSU

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, આરોપી અને ફરિયાદી બંને સાથે અન્યાય ન થાય તે માટે ન્યાયસહાયક વિજ્ઞાનને ફોજદારી ન્યાય પ્રણાલિનો ભાગ બનાવવો મહત્વનો છે. નવી દિલ્હી ખાતે ગઈકાલે ગાંધીનગરની રાષ્ટ્રીય ન્યાયસહાયક વિજ્ઞાન વિશ્વ-વિદ્યાલય- N.F.S.U. દ્વારા આયોજિત અખિલ ભારતીય ન્યાયસહાયક વિજ્ઞાન સંમેલનને સંબોધતા શ્રી શાહે આ મુજબ જણાવ્યું. તેમણે કહ્યું , સીમાહિન ગુનાઓને રોકવા ન્યાયસહાયક વિજ્ઞાનનો ઉપયોગ જરૂરી છે.

## (બાઈટઃ અમિત શાહ, કેન્દ્રીય ગૃહમંત્રી)

દરમિયાન N.F.S.U.ના કુલપતિ પદ્મશ્રી ડૉ. જે. એમ. વ્યાસે કહ્યું , પાંચ અભ્યાસક્રમથી શરૂ થયેલી આ વિશ્વ-વિદ્યાલયમાં શૈક્ષણિક અભ્યાસક્રમની સંખ્યા 72 થઈ છે. NFSU ટૂંક સમયમાં દેશભરમાં વધુ નવ પરિસર સ્થાપશે , જેનાથી NFSUના કુલ પરિસરની સંખ્યા 19 જશે.

---

# SWAGAT FARIYAD NIVARAN

પંચમહાલ જિલ્લામાં મોરવા હડફ તાલુકા માટેનો તાલુકા સ્વાગત ફરિયાદ

નિવારણ કાર્યક્રમ આગામી 23 એપ્રિલે યોજાશે. મામલતદાર કચેરી ખાતે સવારે 11 વાગ્યે યોજાનારા કાર્યક્રમ માટે નાગરિકો અને અરજદારોએ તેમના સેવાકીય , કોર્ટ મેટર, રહેમરાહે નોકરી , પેન્શન, નીતિ વિષયક તથા આક્ષેપ કરતી અરજી સિવાયના પ્રશ્ન લેખિતમાં આજે 15 એપ્રિલ સુધીમાં મોરવા હડફની મામલતદાર કચેરી ખાતે રૂબરૂ અથવા ટપાલ દ્વારા મોકલવા પડશે.

અરજદારોએ એક અરજીમાં ફક્ત એક જ ફરિયાદ કે પ્રશ્ન રજૂ કરવાનો રહેશે. અરજદારોએ પ્રશ્નના કવર તેમજ અરજી ઉપર "તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ" એમ સ્પષ્ટ લખવાનું રહેશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

---

# WEATHER

હવામાન વિભાગે આજથી ગુરુવાર સુધી કચ્છ, સૌરાષ્ટ્ર અને રાજ્યના કેટલાક વિસ્તારમાં મહત્તમ તાપમાન 45 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચે તેવી આગાહી કરી છે. દરમિયાન બનાસકાંઠા , સાબરકાંઠા, રાજકોટ અને કચ્છમાં અતિશય ગરમીનું મોજું ફરી વળવાની- હિટવેવની આગાહીના કારણે ચેતવણી આપવામાં આવી છે. આ ઉપરાંત દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે પવનના કારણે માછીમારોને ચેતવણી આપવામાં આવી હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું.

**(બાઈટઃ રામાશ્રય યાદવ, વૈજ્ઞાનિક, હવામાન વિભાગ)**

ગત 24 કલાકમાં સૌથી વધુ 44 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન કંડલા હવાઈમથક પર નોંધાયું છે. જ્યારે રાજકોટમાં 43, અમરેલી અને અમદાવાદમાં 42 તેમજ અન્ય જિલ્લાઓમાં મહત્તમ તાપમાન 41 ડિગ્રી અને તેનાથી ઓછું રહ્યું હતું.

---

# PATAN NAGARPALIKA

રાજ્ય સરકારે પાટણ નગરપાલિકાને મળતા અનુદાનમાં વધારો કર્યો છે. તે અંગે પાટણ નગરપાલિકાનાં પ્રમુખ હિરલ પરમારે પ્રતિક્રિયા આપી.

## (બાઈટ: હિરલબેન પરમાર, પ્રમુખ પાટણ પાલિકા)

---

# PORBANDAR KAYAKING COMPETITION

પોરબંદરમાં પહેલી વાર અખિલ ભારતીય સી કાયાકિંગ સ્પર્ધાનું આયોજન કરાયું, જેમાં 50થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં ક્વૉલિફાઈડ રાઉન્ડ ત્રણ કિલોમીટરનો અને ફાઈનલ રાઉન્ડ બે કિલોમીટરનો યોજાયો હતો.

દરમિયાન વિજેતા થનારા એકથી ત્રણ સ્પર્ધકોને ચંદ્રક, પ્રમાણપત્ર અને રોકડ પુરસ્કારથી સન્માનિત કરાયા. એક સ્વિમિંગ ક્લબ દ્વારા પાણીની રમતોની

**પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાના હેતુથી યોજાયેલી સ્પર્ધામાં પ્રવીણ ચુડાસમા પ્રથમ, દિનેશ પરમાર બીજા અને રાજેશ મેવાડા ત્રીજા નંબરે રહ્યા હતા.**

---

# COOLER - CIVIL HOSPITAL

**અમદાવાદ સિવિલ હોસ્પિટલના તમામ નોન એસી વોર્ડમાં દર્દીઓ માટે કુલર મુકાયા છે. સિવિલ હોસ્પિટલનાં સુપ્રિન્ટન્ડન્ટ ડૉ. રાકેશ જોષીએ જણાવ્યું, દર્દીઓના આરોગ્ય પર વધુ ખરાબ અસર ન થાય તે હેતુથી આ વ્યવસ્થા કરવામાં આવી છે.**

---